PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/કવા–૦૧/૧૮–૧૯/5070/1 તા. 8/6/18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ફાતેમાબેન અબ્બાસઅલી ભારમલ ના વારસદાર
સેફુદીન અબ્બાસઅલી ભારમલ,
આંબલીશેરી,
નાની બજાર
ગોંડલ
મો: ૯૯૦૯૦ ૮૧૩૦૦

વિષય :–બીનખેતી પ્લોટ માથી ઈલેકટ્રીક લાઈન પસાર થતી ફેરવવા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૦૫–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૭/કવા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૭/કવા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૨૯–૦૫–૧૮ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ફાતેમાબેન અબ્બાસઅલી ભારમલ ના વારસદાર સેફુદીન અબ્બાસઅલી ભારમલ, ગામ: ગોંડલ

રજુઆત કરનાર:(૧) અરજદાર ફાતેમાબેન અબ્બાસઅલી ભારમલ ના વારસદાર સેફુદીન અબ્બાસઅલી ભારમલ હાજર રહેલ છે.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

ફરીયાદ : બીનખેતી પ્લોટ માથી ઈલેક્ટ્રીક લાઈન પસાર થતી ફેરવવા અંગે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગોંડલ ખાતે ના રે.સ. નં. –૪૪૨ / ૭ નો પ્લોટ નં.–૧૮, ૨.વે.દ.નં.૪૮૮૯ તા. ૩૦–૦૩–૧૮ થી ખરીદેલ છે. સદર પ્લોટમાથી – તેઓના બાંધકામ ની રેખા ની અંદર પીજીવીસીએલ દ્વારા – વીજ પોલ ઉભા કરાયેલ છે. તેમજ, પોલ ને ખસેડવાની અરજી કરતા – શીફ્ટીંગ માટે નુ ભાવપત્રક અપાયેલ છે. વધુમા – સબંધક પેટા વિભાગીય કચેરી દ્વારા જણાવાયેલ કે – સદર લાઈન ની નીચે બાંધકામ કરવુ નહી, જો અકસ્માત થશે તો અમારી જવાબદારી રહેશે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજોક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદારની રજૂઆત મુદ્દા નં ૧.૧ અનુસંધાને પીજીવીસીએલ દ્વારા જણાવેલ કે શ્રીમતી ફાતમાબેન અબ્બાસઅલી ભારમલે ગોંડલ ના રેવન્યુ સર્વે નં ૪૪૨/૭ પૈકીનો પ્લોટનં ૧૮, વર્ષ ૨૦૦૮ મા ખરીદેલ છે જે ખુલ્લા પ્લોટમાંથી પસાર થતી વિજ લાઈનને બાંધકામને નડતરરૂપ હોઈ ફેરવવા માટે તા. ૧૬.૧૨.૨૦૧૭ ના રોજ અરજી કરેલ. જેના અનુસંધાને સ્થળ પરીક્ષણ કરતા સદર પ્લોટમાંથી ૧૧કેવી ટોરેન્ટો જેજીવાય ફીડરના બે ગર્ડર પોલ તથા ૧૧ કેવી આરડીસી અર્બન ફીડરના એક પીએસસી પોલ તથા એક પીએસસી પોલની ડીપી હયાત છે. જે પ્લોટમાંથી શિફ્ટ કરી બહાર કાઢવા માટે ચાર ગર્ડર પોલ ઉભા કરી ડબલ સર્કીટ લાઈન કરવી પડે તેમ છે જે મુજબનું અંદાજપત્ર રૂ. ૬૫૪૯૮નુ અરજદારને તા. ૨૮.૧૨.૨૦૧૭ થી પાઠવવામાં આવેલ હતું. જે ભરપાઈ કરેલ નથી.<br>• ફોરમ મીટીંગ તા. ૨૯.૦૫.૨૦૧૮ ના અનુસંધાને સદર પ્લોટ માંથી પસાર થતી વીજ લાઈન ક્યારે ચાર્જ કરવામાં આવેલ તેની માહિતી માંગતા વિભાગીય કચેરી ગોંડલ ના પત્ર તા. ૦૫.૦૬.૨૦૧૮ મા જણાવેલ કે સદર પ્લોટ ની નજીક વીજ લાઈનના પોલ ઉપર તા. ૨૧.૧૨.૨૦૦૩ જોવા મળેલ છે જે ૧૧ કેવી આરડીસી અર્બન ફીડર ની લાઈન છે જેમાં સદર લાઈનમાં આગળ જોતા પોલ ઉપર તા. ૦૮.૧૦.૭૩ ની તારીખ જોવા મળેલ છે જે ઉપરથી વિદિત થાય છે કે સદર વીજ લાઈન વર્ષ ૧૯૭૩ ની સાલમાં ઉભી કરાયેલ છ.<br>• વધુ તપાસ કરતા જણાયેલ કે સદર લાઈન પહેલા ભાદર એચટી ફીડર માટે ઉભી કરવામાં આવેલ જે બાદમાં |

આરડીસી ફીડર ચાર્જ કરતા સદર પોલ ઉપર આરડીસી ફીડરનું નામ લખેલ છે.

- નાયબ ઈજનેર ગોંડલ ગ્રામ્ય -૧ પેટાવિભાગીય દ્વારા સદર વીજ લાઈનનું અંતર અરજદાર દ્વારા સામેલ કરેલ નકશા મુજબ હાઇવે ની મધ્ય લાઈનથી માપતા સદર વીજ લાઈન અરજદારની બાંધકામ રેખાથી આશરે ૨ મીટર અંતરે ખુલ્લી જગ્યામાં આવેલ છે. સદર પ્લોટમાંથી આ અગાઉ કોઈ પણ પ્રકારની લાઈન શિફ્ટ થયેલ નથી.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

૩ ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

૩.૧

- અરજદારની ફરિયાદ મુદ્દા નં ૧.૧- પોલ ને ખસેડવાની અરજી ના અનુસંધાને પીજીવીસીએલ દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૨.૧ મુજબ સદર પ્લોટ ની નજીક વીજ લાઈનના પોલ ઉપર તા. ૨૧.૧૨.2003 જોવા મળેલ છે જે ૧૧ કેવી આરડીસી અર્બન ફીડર ની લાઈન છે જેમાં સદર લાઈનમાં આગળ જોતા પોલ ઉપર તા. ૦૮.૧૦.૭૩ ની તારીખ જોવા મળેલ છે જે ઉપરથી વિદિત થાય છે કે સદર વીજ લાઈન વર્ષ ૧૯૭૩ ની સાલમાં ઉભી કરાયેલ છે . શ્રીમતી ફાતમાબેન અબ્બાસઅલી ભારમલે ગોંડલ ના રેવન્યુ સર્વે નં ૪૪૨/૭ પૈકીનો પ્લોટનં ૧૮, વર્ષ ૨૦૦૮ મા ખરીદેલ છે.
- સદર વીજ લાઈનનું અંતર અરજદાર દ્વારા સામેલ કરેલ નકશા મુજબ હાઇવે ની મધ્ય લાઈનથી માપતા સદર વીજ લાઈન અરજદારની બાંધકામ રેખાથી આશરે ૨ મીટર અંતરે ખુલ્લી જગ્યામાં આવેલ છે. સદર પ્લોટમાંથી આ અગાઉ કોઈ પણ પ્રકારની લાઈન શિફ્ટ થયેલ નથી. તેમજ રોડ ની બાજુમાં બીજો ૧૧ કેવી ટોરેન્ટો JGY ફીડર આશરે ૧૨ વર્ષ પહેલા ઉભી થયેલ હોય તેમ જણાવેલ છે.
- અરજદાર દ્વારા જોડેલ દસ્તાવેજ ના પેઈજ નં-૮ મા -ટાઈટલ ની વિગત- હેઠળ ના ક્રમાંક નં.3 મુજબ સદર પ્લોટની જમીન રેવન્યુ સર્વે નં ૪૪૨/૭ રાજકોટ જીલ્લા પંચાયત કચેરીના બિનખેતી હુકમ નં રેવ/બખપ/રજી/ ૧૯૦/૯૧-૯૨/૩૯૦૪/૧૪ તા, ૨૧.૧૦.૯૨ થી રહેણાંકહેતુના માટે મંજુર કરેલ. તે મુજબ વીજ લાઈન જે તે સમયે નડતરરૂપ હોય તો તેની કાર્યવાહી કરાયેલ હોય તે બાબતેની સબંધિક રજૂઆત કરેલ નથી.

૩.૨ સેન્ટ્રલ ઇલેક્ટ્રિકસીટી ઓથોરીટી -**MEASURES RELATING TO SAFETY AND ELECTRIC SUPPLY REGULATIONS, 2010** ના

મુદ્દા નં ૬૦ :**Clearances from buildings of lines of voltage exceeding 650 V.-**

(1) An overhead line shall not cross over an existing building as far as possible and no building shall be constructed under an existing overhead line.
(2) Where an overhead line of voltage, exceeding 650 V passes above or adjacent to any building or part of a building it shall have on the basis of maximum sag a vertical clearance above the highest part of the building immediately under such line, of not less than-

| | | | |
|---|---|---|---|
| (i) | for lines of voltages exceeding 650 Volts up to and including 33,000 Volts | - | 3.7 metres |
| (ii) | for lines of voltages exceeding 33 kV | - | 3.7 metres plus 0.30 metre for every additional 33,000 Volts or part thereof. |

(3) The horizontal clearance between the nearest conductor and any part of such building shall, on the basis of maximum deflection due to wind pressure, be not less than-

| | | | |
|---|---|---|---|
| (i) | for lines of voltages exceeding 650 V up to and including 11,000 Volts | - | 1.2 metres |
| (ii) | for lines of voltages exceeding 11,000 V and up to and including 33,000 V | - | 2.0 metres |
| (iii) | for lines of voltages exceeding 33 kV | - | 2.0 metres plus 0. 3metre fore every additional 33kV or part thereof |

૩.૩ બાંધકામ રેખાથી આશરે ૨ મીટર અંતરે ખુલ્લી જગ્યામાં આવેલ છે અને સદર હયાત વીજ લાઈન ખુબજ જૂની હોઈ ... જે પ્લોટની જમીન રેવન્યુ સર્વે નં ૪૪૨/૭ રાજકોટ જીલ્લા પંચાયત કચેરીના બિનખેતી હુકમ નં રેવ/બખપ/રજી/ ૧૯૦/૯૧-૯૨/૩૯૦૪/૧૪ તા. ૨૧.૧૦.૯૨ થી રહેણાંકહેતુના માટે મંજુર કરેલ. તે મુજબ વીજ લાઈન જે તે સમયે નડતરરૂપ હોય તો તેની કાર્યવાહી કરાયેલ હોય તે બાબતેની સબંધિક રજૂઆત કરેલ નથી. આમ અરજદારની માંગણી મુજબ સદર પ્લોટમાંથી વીજ લાઈન શિફ્ટ કરવા માટે પીજીવીસીએલ દ્વારા અંદાજપત્ર રૂ. ૬૫૪૯૮/- તા. ૨૮.૧૨.૨૦૧૭ થી પાઠવવામાં આવેલ છે જે નિયમાધીન હોય તેમ સદર બાબતે બંને પક્ષકારોને જાણકારી આપવા અંગે ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ કરેલ છે

<u>મુદ્દા નં.-૪ :</u>

## <u>હુકમ</u>

<u>૪.૧</u> સદર કેસ માં ફોરમ કમિટી તરફ થી થયેલ નિષ્કર્ષ ના મુદા નં.૩.૩ મુજબ ની વિગતે ની જાણકારી બંને પક્ષકારો ને આપવામાં આવે છે.

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.